श्री महालक्ष्म्यै नमः उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत महालक्ष्मी प्रसन्नाऽस्तु

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

# શરદોત્સવ ગરબા ૨૦૨૨ ની ઝલક
































श्री महालक्ष्म्यै नम: उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર ૨૦૨૨ અને જાન્યુઆરી ૨૦૨૩ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯
**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩૫૮૨૯૭
**તંત્રી**
**પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય**
મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭

**તંત્રી મંડળ**
શ્રી જયંત જોશી
મો. ૯૬૦૧૯૯૫૫૬૭
શ્રી રાજેશ દવે
મો. ૮૯૧૦૦૭૧૨૭૯
શ્રી ધ્રુવ શુક્લ
મો. ૯૪૨૯૩૫૫૬૫૩
શ્રી રાજેશભાઈ પંડ્યા (રાજ)
મો. ૯૪૨૮૬૦૪૧૧૯
શ્રી કૃતાર્થભાઈ જોષી
મો. ૯૮૯૮૧૫૭૪૧૪
શ્રી પાર્થ પાઠક
મો. ૯૫૧૦૧૮૭૨૦૧

### શરદોત્સવ : ગરબા ૨૦૨૨ (તા.૧૫-૧૦-૨૦૨૨)

ઘણા વર્ષોબાદ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા શરદોત્સવ નિમિત્તે ગરબાનું આયોજન તા. ૧૫-૧૦-૨૦૨૨ના રોજ કરવામાં આવેલ. અમદાવાદ સરદાર પટેલ સેવા સમાજના પાર્ટી પ્લોટમાં ગરબાના ભવ્ય આયોજનમાં ૩૦૦ કરતાં વધુ શ્રીબંધુઓ હાજર રહી અદ્ભુત પ્રતિસાદ આપ્યો. ગરબાની શરૂઆતમાં આરતી, ત્યારબાદ ભોજન અને ગરબા ખૂબ ઉત્સાદપૂર્વક માણ્યા.

શ્રી હેતલભાઈ શુક્લના પ્રયત્નોથી શ્રીબંધુઓ વિશ્વના કોઈપણ ખૂણેથી વર્ચ્યુલ હાજર રહી શરદોત્સવ નો કાર્યક્રમ રાસ-ગરબાની રમઝટ માણી શકે તે માટે ફેસબુક લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. શ્રી પાર્થ પાઠક એ મિડિયામાં સમાચારરૂપે આપવા વ્યવસ્થા કરેલ હતી.

આ કાર્યક્રમનું ડેકોરેશન, કેટરર્સ, ડી.જે. સહિતની સઘળી વ્યવસ્થા શ્રી જયંતભાઈ શુક્લ અને શ્રી મયંકભાઈ શુક્લએ સંભાળી હતી. શ્રી જયંતભાઈ શુક્લ તરફથી ડી.જે. સ્પોન્સર કરવામાં આવ્યુ હતું. ગરબાના વિષે આકર્ષણ રૂપ 'ગરબા હરિફાઈ' હતી. જેમાં અલગ અલગ વયગ્રુપની અલગ અલગ કેટેગરીમાં તેના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા. તેમાં શ્રીગૌડ પ્રગતિ મંડળના શ્રીમતી પારુલબેન દવે, શ્રીમતી પ્રતિમાબેન ઉપાધ્યાય, શ્રીમતી લીનાબેન શુક્લ અને શ્રીમતી રીમાબેન દવે એ સફળ આયોજન કરેલ. બ્રહ્મ સમાજની બહેનોએ જજ તરીકે નિ:શુલ્ક સેવા આપી હતી. પ્રમુખ શ્રી કમલેશભાઈ

પાઠક અને ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાયના હસ્તે ઈનામ આપવામાં આવ્યા. આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં દાતાઓ તેમજ મંત્રી શ્રી યોગેશભાઈ શુક્લ, ખજાનચી શ્રી પ્રવિણભાઈ પુરોહિત, ટ્રસ્ટીઓ શ્રી જયંતભાઈ જોષી, પંકજભાઈ શુક્લ, શ્રી કુમુદભાઈ દવે અને શ્રી જિજ્ઞેશભાઈ પંડિત, શ્રી જયેશભાઈ ભટ્ટ, શ્રી ધ્રુવભાઈ શુક્લ, શ્રી મનીષભાઈ પાઠક, શ્રી રાજેશભાઈ પંડ્યા, શ્રી વિપુલભાઈ દવે, શ્રી ઉદયભાઈ શાસ્ત્રી, શ્રી રાજેશભાઈ દવે, શ્રી નિરવભાઈ દવે, શ્રીગૌડ પ્રગતિ મંડળના શ્રી વિનયકાન્ત દવે, શ્રી અમિતભાઈ જોષી એ તન મન અને ધનથી વિશેષ યોગદાન આપેલ છે. આવા ભવ્ય કાર્યક્રમ વર્ષોબાદ યોજાવાથી દરેક શ્રીબંધુના મુખ પર પ્રસન્નતા અને ઉત્સાહની લાગણી સાથે છૂટા પડ્યા.

-અહેવાલ લેખન : શ્રી જયંત શુક્લ, શ્રી મયંક શુક્લ

નીચે જણાવેલ “શ્રી” બંધુઓ તરફથી શરદોત્સવ ગરબા - ૨૦૨૨ના કાર્યક્રમ માટે યોગદાન (DONATION) મળેલ છે. સાથ અને સહકાર આપવા માટે ખૂબ ખૂબ આભાર

| **નામ** | **રૂ.** | **નામ.** | **રૂ.** |
|---|---|---|---|
| **શ્રી કમલેશભાઈ એસ. પાઠક** | **૨૧,૦૦૦ =૦૦** | **શ્રીમતી કેતનબેન કમલેશભાઈ પાઠક** | **૫,૦૦૦=૦૦** |
| **ડૉ. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય** | **૫,૦૦૦=૦૦** | **શ્રી જયંતભાઈ શુક્લ** | **૬,૫૦૦=૦૦** |
| **શ્રી સ્મિતલ પંડિત** | **૫,૦૦૦=૦૦** | **શ્રીમતી જલ્પા યોગેશભાઈ શુક્લ** | **૪,૦૦૦=૦૦** |
| **શ્રી નિલેષભાઈ શુક્લ** | **૩,૦૦૦=૦૦** | **શ્રી કુમુદચંદ્ર દવે** | **૨,૫૦૦=૦૦** |
| **શ્રી મયુરભાઈ શુક્લ** | **૨,૫૦૦=૦૦** | **વનીતાવૃંદ પ્રગતિ મંડળ** | **૨,૫૦૦=૦૦** |
| **શ્રી વિજયકુમાર પુરોહિત** | **૧,૫૦૦=૦૦** | **શ્રી અતુલભાઈ એમ. ભટ્ટ** | **૧,૨૦૦=૦૦** |
| **શ્રી યોગશભાઈ શુક્લ** | **૧,૦૦૦=૦૦** | **શ્રી જયંતભાઈ જોષી** | **૧,૦૦૦=૦૦** |
| **શ્રી જયંતભાઈ શુક્લ** | **૧,૦૦૦=૦૦** | **શ્રી પંકજભાઈ શુક્લ** | **૧,૦૦૦=૦૦** |
| **શ્રી જયેશભાઈ ભટ્ટ** | **૧,૦૦૦=૦૦** | **શ્રી પ્રવિણ પુરોહિત** | **૧,૦૦૦=૦૦** |
| **તૃપ્તીબેન એસ. શુક્લ** | **૧,૦૦૦=૦૦** | **શ્રી ધ્રુવભાઈ શુક્લ** | **૧,૦૦૦=૦૦** |
| **શ્રી નિરવ દવે** | **૧,૦૦૦=૦૦** | **શ્રી ઉમશ કે. પાઠક** | **૧,૦૦૦=૦૦** |
| **શ્રી રાજેષભાઈ પંડ્યા** | **૫૦૦=૦૦** | **શ્રી જીગ્નેશ પંડિત** | **૫૦૦=૦૦** |
| **શ્રી ઉદયભાઈ શાસ્ત્રી** | **૫૦૦=૦૦** | **શ્રી અમીતભાઈ જોષી** | **૫૦૦=૦૦** |
| **શ્રી યોગેશભાઈ પુરોહિત** | **૫૦૦=૦૦** | **શ્રીમતી પારૂલબેન દવે** | **૫૦૦=૦૦** |
| **સ્વ. સૂર્યકાન્ત શુક્લ** | **૫૦૦=૦૦** | **શ્રી મીરાત મહેશભાઈ દવે** | **૫૦૦=૦૦** |
| **શ્રી પુષ્કીન શુક્લ** | **૫૦૦=૦૦** | **શ્રી ગીરીશભાઈ બી. દવે** | **૫૦૦=૦૦** |
| **શ્રી વિપુલભાઈ પંડ્યા** | **૧,૦૦૦=૦૦** | | |

• • •

# "ની બ્રેસ (Knee Brace)" કેમ્પ-૨૦૨૨, અમદાવાદ

વડીલ વંદના ના કાર્યક્રમ થકી વડીલો નું સન્માન કરી ચુક્યા છીએ. પરંતુ પુખ્ત ઉંમરે નિવૃત્તિની એક નિશાની વાળ ના કાળા રંગ માં સફેદી નો વર્તારો ગણાતું પરંતુ ઘૂંટણ ની સમસ્યા લગભગ એંશી ટકા થી વધુ લોકો ને પચાસ પછી ની ઉંમરે સતાવે છે અને ઘૂંટણ પ્રત્યારોપણ (Knee Replacement ) નું ઓપેરશન વ્યાપક પ્રમાણમાં બહુ જ સામાન્ય થઇ રહેલ છે. ભાવનગરના અસ્થિ રોગો ના નિષ્ણાત ડોક્ટર વિપુલ જેઠવા કે જેઓ એ "ની બ્રેસ (Knee Brace) " ની વ્યવસ્થા થકી અનેક લોકોને ઘૂંટણ પ્રત્યરોપણના ઓપેરશનથી બચાવેલ છે. શ્રીગૌડ સમાજ અને અન્ય સમાજના લોકો કે જેને ઘૂંટણની તકલીફ હોય તેઓ ના લાભાર્થે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત અને શ્રીગૌડ વૈશ્વિક વોટ્સએપ ગ્રુપ ના સંયુક્ત ઉપક્રમે "ઘૂંટણ સ્વાસ્થ્ય શિબિર" નું આયોજન ડિસેમ્બર માસની અગિયારમી તારીખને રવિવારે શ્રી મહાલક્ષ્મી ધામ થલતેજ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ડો. વિપુલ જેઠવા (ભાવનગર) અને તેઓની ટીમે આ શિબિરમાં ૬૫ જેટલા લાભાર્થીઓને તપાસીને તેઓને યોગ્ય તબીબી પરામર્શ આપી જેને પણ જરૂર હતી તેવા તમામ લાભાર્થીને તેમનું માપ લઈને "ની બ્રેસ (Knee Brace)" બનાવી આપી તેના ઉપયોગ અંગેની સમજ અને સૂચના આપવામાં આવી હતી.

આ એક દિવસીય શિબિરના ચા નાસ્તો ભોજન અને અન્ય વ્યવસ્થા સાથેના ખર્ચને પહોંચી વળવા માટે સમસ્ત શ્રી પરિવાર સમક્ષ આર્થિક સહયોગની ટહેલ નાખવામાં આવેલ જેને પણ અપ્રતિમ પ્રતિસાદ સાંપડેલ અને રૂપિયા ૫૦૦ થી લઈને રૂ.૧૧,૦૦૦ સુધીની રકમનો સહયોગ શ્રી જનો તરફથી મળેલ છે અમારી ટહેલ ને ભવ્ય પ્રતિસાદ આપી શિબિર ને સફળતા પૂર્વક પાર પાડવા માટે ખજાનચી શ્રી પ્રવીણભાઈ પુરોહિત, ટ્રસ્ટીઓ ડૉ. પ્રિ બંસીધરભાઈ ઉપાધ્યાય, શ્રી જયંતભાઈ જોષી, શ્રી હેતલભાઈ શુક્લ તેમ જ શ્રી ધ્રુવભાઈ શુક્લ, શ્રી મનીષભાઈ પાઠક, શ્રી જયેશભાઈ ભટ્ટ, શ્રી મહાલક્ષ્મી ધામ થલતેજ અમદાવાદ અને ભાવીન સ્કૂલના ટ્રસ્ટી ડૉ. કૌશલભાઈ દિક્ષિત, શ્રીગૌડ વૈશ્વિક વોટ્સએપ ગૃપના એડમીન શ્રી રાજેશભાઈ દવે, શ્રી વિપુલભાઈ દવે, પ્રગતિ મંડળની ટીમ - શ્રી વિનયભાઈ દવે, શ્રી અમિતભાઈ, શ્રીમતી પારૂલબેન દવે અને કેમ્પના લાભાર્થી શ્રીબંધુઓ શ્રી નાગેશભાઈ પુરોહિત, શ્રી પ્રજ્ઞેશ શુક્લ વગેરેનો વિશેષ સહકાર સાંપડ્યો. સમસ્ત શ્રીગૌડ ગુજરાત વતી પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક, મંત્રી શ્રી યોગેશભાઈ શુક્લ એ સૌનો અંત:કારણ થી આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

જય મહાલક્ષ્મી







નીચે જણાવેલ "શ્રી" બંધુઓ તરફથી "ની બ્રેસ (Knee Brace)" ના કાર્યક્રમ માટે યોગદાન (DONATION) મળેલ છે. સાથ અને સહકાર આપવા માટે ખૂબ ખૂબ આભાર

| નામ | રૂ. | નામ. | રૂ. |
|---|---|---|---|
| શ્રી ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય | ૫૦૦૦ | શ્રી કલ્પેશભાઈ પાઠક | ૧૦૦૦ |
| શ્રી રમેશભાઈ પાઠક | ૫૦૦ | શ્રી બંકીમભાઈ પંડ્યા, ગોધરા | ૫૦૦ |
| શ્રી હેમંતભાઈ ઉપાધ્યાય, ગોધરા | ૫૦૦ | શ્રી વિનાયકભાઈ શુક્લ, ગોધરા | ૫૦૦ |
| શ્રી અખિલભાઈ નિરંજનભાઈ શુક્લ | ૫૦૦ | શ્રી દેવાંગભાઈ પ્રવીણભાઈ દવે | ૫૦૦ |
| શ્રી હિમાંશુ સૂર્યકાંત શુક્લ | ૫૦૦ | શ્રી ડૉ. કોકિલ કનૈયાલાલ દવે | ૧૧૦૦ |
| શ્રી યતિનભાઈ પાઠક | ૫૦૦ | અ.સૌ. સ્મિતાબેન શૈલેષભાઈ શુક્લ, કેનેડા | ૧૧૦૦૦ |
| શ્રી યોગેશભાઈ શુક્લ | ૧૦૦૦ | શ્રી ચિંતનભાઈ રાજેન્દ્રભાઈ ધ્રુવ | ૫૦૦ |
| શ્રી મયુરભાઈ શુક્લ | ૫૦૦ | શ્રી મયંકભાઈ જે. શુક્લ | ૧૦૦૦ |
| શ્રી ચંદ્રશંકર જટાશંકર જોશી, રાજકોટ | ૨૦૦૦ | શ્રી ભાવેશભાઈ ભાનુભાઈ જોશી, રાજકોટ | ૫૦૦ |
| શ્રી લોમેશ એન. ઉપાધ્યાય | ૧૧૦૦ | શ્રી મૌલેશકુમાર પાઠક | ૫૦૦ |
| શ્રી વાસુદેવભાઈ શુક્લ | ૫૦૦ | શ્રી પ્રમોદભાઈ પંડ્યા | ૫૦૦ |
| શ્રીમતિ ભારતીબેન દેસાઈ | ૫૦૦ | શ્રી ડૉ. વિપુલભાઈ જેઠવા | ૧૦૦૧ |
| શ્રી જનકભાઈ પાઠક | ૫૦૦ | શ્રી ભુદેવ તરફથી | ૧૦૦૦ |

• • •




સંકલન- શ્રી કુમુદભાઈ એ. દવે, પૂર્વ ઉપપ્રમુખ અને ટ્રસ્ટી

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પૂર્વપ્રમુખ અને અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ પેન્શનર્સ સમાજના પ્રમુખ પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાયનો અમૃત મહોત્સવ યોજાયો




સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પૂર્વપ્રમુખ અને અખિલ ગુજરાત યુનિ. અને કૉલેજ પેન્શનર્સ સમાજના પ્રમુખ અને યોગ યુનિ. અમદાવાદના પૂર્વ કુલપતિ પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાયના ૭૬માં જન્મદિવસ અંતર્ગત ભાવામૃતમ્ પર્વની ઉજવણી ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. કે.એસ.શાસ્ત્રી, સોમનાથ સંસ્કૃત યુનિ. ના કુલપતિ ડૉ. લલિતભાઈ પટેલ, રાષ્ટ્રપતિ પુરસ્કૃત સંસ્કૃતના મૂર્ધન્ય પંડિત ડૉ. ગૌતમ પટેલ, શ્રીગૌડ સમાજ ગુજરાતના પ્રમુખ કમલેશ પાઠક, પેન્શનર એન્ડ પ્રોવિડન્ડ ફંડ, ગુજરાતના પૂર્વ નિયામક બી.એમ. દવે, સુ.સુશીલાબેન જોશી, પેન્શનર્સ સમાજના ઉપપ્રમુખ ડૉ.આર.પી.પટેલ, મહામંત્રી પ્રા. મણિભાઈ પટેલ, ખજાનચી પ્રિ.બી.સી.ગાંધી તથા પેન્શનર્સ સમાજના સભ્યો, શ્રીગૌડ સમાજના અન્ય મહાનુભાવો પ્રિ. બંસીધરભાઈના પરિવારજનો, શુભેચ્છકો, આમંત્રિતોની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

દીપા દવેના ભારતનાટ્યમથી આરંભાયેલા કાર્યક્રમની શરુઆતમાં નિમંત્રક પરિવારજનો વતી પ્રા.ડૉ.અલ્પેશ ઉપાધ્યાયે સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોનો પરિચય સાથે આવકારી ઉપસ્થિત સૌનું સ્વાગત કરી પ્રસંગની ભૂમીકામાં ભાવાભિવ્યક્તિ કરી મુખ્યઅતિથિ ડૉ.કે.એસ.શાસ્ત્રીએ બંસીધરની વિવિધ ક્ષેત્રીય દીર્ઘ-મૂલ્યવાન સેવાઓને બિરદાવી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી તંદુરસ્તી દીર્ધાયુષ્યની મનોકામના વ્યક્ત કરી. મુખ્ય મહેમાન ડૉ. લલિત પટેલ, ડૉ. ગૌતમ પટેલ તથા મહાનુભાવોએ પણ બંસીધરની સેવાપ્રવૃત્તિ માટે અભિનંદન શુભેચ્છા પાઠવી પેન્શનર્સ સમાજના ઉપપ્રમુખ ડૉ.આર.પી.પટેલે સહકર્મી તરીકે તેમની સાથેનાં સ્મરણો યાદ કરી, પેન્શનર્સ સમાજને આપેલી મૂલ્યવાન સેવાઓને બિરદાવી, શુભેચ્છા પાઠવી અન્ય વ્યક્તિ વિશેષ તતા પરિવારજનોએ પણ પ્રતિભાવો રજૂ કર્યા. સન્માનિત ડૉ.બંસીધરભાઈએ પ્રત્યુત્તરમાં પોતાની કારકિર્દી તથા ઉપલબ્ધિના સહયોગીઓ પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરી કેફિયતમાં કુટુંબજીવન તથા જાહેરજીવનના સંસ્મરણો રજૂ કર્યા. આભારવિધિ તથા કાર્યક્રમ સંચાલન ડૉ. અલ્પેશ ઉપાધ્યાયે અને સંકલન યોગેશ શુક્લએ કર્યું. સ્વરુચિ ભોજનથી કાર્યક્રમ પૂર્ણ થયો.

# ‘ભાવામૃત્-પર્વ’ ગ્રંથ વિમોચન

-યોગેશ શુક્લ, મંત્રી

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પૂર્વપ્રમુખ અને અખિલ ગુજરાત પેન્શનર્સ સમાજના પ્રમુખશ્રી, પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયના ભાવામૃતમ્ પર્વ નિમિત્તે, તેમના જીવન ચરિત્ર અને શુભેચ્છા સંદર્ભે ગ્રંથનું આયોજન કરવામાં આવ્યું. આ ગ્રંથમાં પ્રિ.ડૉ.બંસીધરના જીવન પ્રસંગો, વિવિધ શૈક્ષણિક યાત્રા, સિદ્ધિઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓનો ચિતાર ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય, ભૂપેન્દ્રભાઈ પટેલના શુભેચ્છા સંદેશથી પ્રારંભિત, વિવિધ લેખકો અને સાહિત્યકારો દ્વારા શુભેચ્છા લેખ પ્રસ્તુત છે. આ પુસ્તકમાં શ્રી ભાગ્યેશ જહા (આઈ.એ.એસ.), પ્રા. મણિભાઈ પટેલ, ડૉ. પ્રવિણ દરજી, ડૉ. ગૌતમ પટેલ, પ્રા.કે.એસ. શાસ્ત્રી, ડૉ. નાગરાજ, પ્રિ. પ્રદીપ જોશી, પ્રિ. માધુભાઈ સી. પટેલ, પ્રિ.બી.સી.ગાંધી, ડૉ.પુષ્પાબહેન ભટ્ટ, ડૉ. દિનેશ અમીન, ડૉ. નર્મદાશંકર ગોર સહિત અન્ય મહાનુભાવો દ્વારા આશરે ૬૦ શુભેચ્છા લેખ ભાવામૃતમ્ પર્વ ગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યા છે. તમામ શુભેચ્છકો અને લેખકોની કલમ શૈલીમાં ડૉ. બંસીધરનું વ્યક્તિત્વ વિવિધક્ષેત્રે ઝળહળતું દેખાય છે. સમગ્ર ગ્રંથનું સંપાદન કાર્ય પ્રિ. ઘનશ્યામભાઈ ગઢવીએ સુપેરે પાર પાડ્યું છે.











09925024457

Shree Ghargash Astro world
Pratik Shukla

Vedic Astrology, Vedic vastu, Numerology, Poojan

Mangalmurti Hanumanji Mandir, Opp- ketav petrol pump, Ambawadi, Ahmedabad- 380006. 7434058058

## મકર સંક્રાંતિ - શૌર્ય અને પ્રેમ ની ઊર્ધ્વ ગતી

આજે આખું ગુજરાત રણે ચડ્યું.આકાશી યુધ્ધ ના દુદુંભી નાદ વચ્ચે આબાલ વૃદ્ધ ‘કાટ્ટા, લપેટ’ના પંચાક્ષર મંત્ર જાપ સાથે કેસરિયા કરતા  ગુજરાતના નર બંકાઓને જોવા દેવો પણ વિમાન લઈ ને આકાશમાં આવ્યા જ હશે !!!

અલગ અલગ બ્રિગેડ ધાબાઓ પર પોઝિશન લઈ ને આખો દિવસ યુધ્ધનો અકલ્પ્ય આનંદ માણ્યો અને સાંજે યુધ્ધ વિરામ કરીને આવતી કાલના (વાસી  ઉત્તરાયણ) યુધ્ધ ની તૈયારી કરવા પ્રયુક્ત થયા.

ઉત્તરાયણ નું યુધ્ધ ધર્મ યુધ્ધ એટલા માટે  કહેવાય છે કારણ યુધ્ધ ની વચ્ચે પણ તલ ગોળ, વિત્ત, ધાબળા, ગૌ ગ્રાસ, લોખંડ, વી.નું ગુપ્ત દાન અને દર્શન કરવાનું ચૂકતા નથી.

યુધ્ધમાં રાણીઓ પણ સશસ્ત્ર ભાગ લેતા હોય છે;તલવારને બદલે ફિરકી ચલાવવાની કલા સ્વર્ગ માં ઈન્દ્રને તેમજ અપ્સરાઓ ને પણ અચંભિત કરી દે તેવી હોય છે.

ઊંધિયા રૂપી દારૂગોળો, ભેલ, તિલ્ગુડ ,બોર વી.ની સપ્લાય ચેઈન ની સુસજ્જતા તેમજ execution પણ મહિલાઓ અદભુત રીતે હાઈ altitude પર કુશ ળતાથી  નિભાવે છે તે જોઈને દેવીઓ પણ આશીર્વાદ આપતા હશે.

દેવો ની લાઈનમાં જેમ રાહુ, ઘૂસી ગયો હતો તેમ આ ધર્મ યુધ્ધમાં ચીન ઘૂસી ગયું હતું; ગ ળા કાપે,આગ

લાગે તેવી દોરી અને તુકલ જેવા વિનાશક, ધર્મ વિરૂધ્ધના શસ્ત્રો ઘુસાડીને.તેમનો બહિષ્કાર કરીને ધર્મ યુધ્ધ ની પવિત્રતા જા ળવી રાખી તે આપણા સંસ્કાર અને અસ્મિતા નું ગૌરવ છે.


આ સાથે ‘મકરસંક્રાંતિ પુણ્ય પરવણી’ ધર્મયુધ્ધ ના પ્રથમ દિવસ નો આંખે દેખ્યો અહેવાલ પ્રસ્તુત કરતા સ્વયમ સંવાદદાતા.....

- ધ્રુવ જોશી, ચિત્રકૂટ બંગ્લોઝ, અંકલેશ્વર

# સમાચાર સંચય

(1) જયશ્રી મહાલક્ષ્મીધામ (માતૃ-સ્મૃતિ મંદિર), થલતેજ, અમદાવાદ દ્વારા જયશ્રી મહાલક્ષ્મી ધામમાં બિરાજમાન તમામ દેવીદેવતાઓના પંદરમાં પાટોત્સવ નિમિત્તે "સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર" નું આયોજન, તા.૨૬/૦૧/૨૦૨૩, મહા સુદ પાંચમના રોજ કરવામાં આવ્યું હતું. તેમાં છ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા. આ શુભ અવસરે સમાજના મંત્રી શ્રી યોગેશભાઈ શુક્લ, ખજાનચી શ્રી પ્રવિણભાઈ પુરોહિત, ટ્રસ્ટીઓ શ્રી જયંતભાઈ જોષી, શ્રી પંકજભાઈ શુક્લ, શ્રી ધ્રુવભાઈ શુક્લ હાજર રહી સર્વે બટુકોને આશીર્વાદ આપ્યા હતા




(૨) આચાર્ય નરેન્દ્ર દેવ ગર્લ્સ હાઈસ્કૂલ ગૉધરામાં મોટીવેશન વીથ મનોરંજન કાર્યક્મ યોજાયો. આપણા શ્રીસમાજના અગ્રણી અને આચાર્ય નરેન્દ્ર દેવ ગર્લ્સ હાઈસ્કૂલ ગૉધરાના મંત્રી યૉગીનીબહેન અને આપણા શ્રી ભગીની અને આચાર્યા એવા શ્રીમતી દિપ્તીબેન પાઠક ની ગર્લ્સ હાઈસ્કૂલ ગૉધરા ખાતે શાળાની નપાસ, હતાશ, ઉદાસ અને એવરેજ વિદ્યાર્થીનીઓને પણ કંઈક કરી બતાવવાની પ્રેરણા મળે અને તેઓ પણ પોતાની ઉત્તમ કારકિર્દી ઘડી શકે તે માટે નિવૃત્ત રાજય પારિતોષિક વિજેતા શિક્ષક દિવાકર શુકલ દવારા આચાર્ય નરેન્દ્ર દેવ ગર્લ્સ હાઈસ્કૂલ ગૉધરા ખાતે ગઈકાલે મોટીવેશન વીથ મનોરંજન કાર્યક્મ યોજવામાં

આવ્યો હતો જેમાં તેમણે તમામ ક્ષેત્રની પ્રતિભાઓના પ્રેરક દૃષ્ટાંત પુરા પાડી પોતાની રમુજી વાણી દવારા વિદ્યાર્થીનીઓને સતત દોઢ કલાક સુધી મોટીવેશન વીથ મનોરંજન પુરુ પાડ્યું હતું.



આ પ્રસંગે શાળાના આદરણીય મંત્રી યોગીનીબહેન, આચાર્યા શ્રીમતિ દીપ્તિબેન પાઠક, ટ્રસ્ટી મંડળના સભ્ય શ્રી વિનાયકભાઈ શુકલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતુ


(૩) શ્રીગૌડ સાડત્રીસ સમાજ નો 32મી વાર્ષિક સાધારણ સભા, 32મો ઈનામ-વિતરણ ,સ્નેહ મિલન સમારોહ તા25/12/2022 ને રવિવાર ના રોજ કુમકુમ પાટી પ્લોટ, વડોદરા મુકામે સંપન્ન થયો આ સમારંભમાં સમાજ ના 376 સભ્યો હાજર રહ્યા હતા. સવારે 9:30 કલાકે વાર્ષિક સાધારણ સભા હતી ત્યાર બાદ વનિતાવૃંદની બહેનો દ્વારા સાસ્કૃતિક કાયક્મ રાખેલ હતો બપોર ના ભોજન બાદ સમાજ ના તેજસ્વી બાળકો (બાલમંદિર થી લઈ કોલેજ તથા માસ્ટર સુધી ના સૌ ) નું ઈનામ - વિતરણ, સમાજ ના સિનિયર સીટીઝન 26 સભ્યો નું તથા માતૃ વાત્સલ્ય અંતર્ગત 9 માતાઓ નું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજ ના ધો.10 તથા ધો .12 સામાન્ય/ વિજ્ઞાન પ્રવાહ માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને મેડલ તથા 5000/- રૂપિયા નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા






(૪) શ્રી વિજયભાઈ નંદુપ્રસાદ ઉપાધ્યાય ના સુપુત્ર ચિં. ધૈર્ય એ પત્રકાર (ડિપ્લોમા ઈન જર્નાલિઝમ) તરીકે નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. અભિનંદન


(૫) શ્રીબંધુ શ્રી વિપુલભાઈ પંડ્યા (પ્રમુખ, ભૂદેવ નેટવર્ક ) અને શ્રીમતી અંજલિબેન વિપુલભાઈ પંડ્યા (ઉપ-પ્રમુખ, ભૂદેવ નેટવર્ક ) એ મુખ્યમંત્રી કાર્યાલય, ગાંધીનગર ખાતે આપણા ગુજરાતના માનનીય



મુખ્યમંત્રી સાહેબ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવા અને અભિવાદન કરવાનો અદ્ભુત અવસર મળ્યો અને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી



(૬) શ્રીગૌડ સમાજ વડોદરા ના કારોબારી સભ્યો પૂજ્ય જગદગુરુ શંકરાચાર્ય ના સ્વાગત માટે ભેગા થયેલ. દર્શન કરી આશીર્વાદ મેળવ્યા



(૭) અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ( AMA ) માં શ્રીગૌડ સાડત્રીસ સમાજ ના યુવાનો માટે તા 11/12/2022 ને રવિવાર ના રોજ મોટીવેશનલ વર્કશોપ યોજવામાં આવ્યો હતો જેમાં સમાજ ના 35 યુવા ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. ભાગ લેનાર દરેક વ્યક્તિ ને AMA તરફથી સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે સમાજ ના પ્રમુખ - મંત્રી તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા સમગ્ર આયોજન સમાજ ના આશિષભાઈ આર. જોષી ના સૌજન્ય થી કરવામાં આવ્યું હતું. સૌ યુવાનો ભોજન લઈ છુટા પડ્યા હતા.



(૮) શ્રીબંધુ વર્ષીલ શુક્લ, ગાંધીનગર ને ભારતીય વ્યાપાર મંડળ, કે જેનું મુખ્ય કાર્યાલય દિલ્હીમાં આવેલ છે, તેમણે ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષના હોદ્દા માટે પસંદ કરેલ છે. આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.




(૯) શ્રી જયેશભાઈ ભટ્ટ, અમદાવાદના પુત્ર ચિં. અભયે, આર. એ. પોદ્દાર કોલેજ મુંબઈ ખાતે તા.૧૭/૦૧/૨૦૨૩ થી તા.૨૧/૦૧/૨૦૨૩ દરમિયાન યોજાયેલી મોનેટા-૨૦૨૨ સ્પર્ધામાં SMP1

કોમર્સ કોલેજ માટે બે સિલ્વર મેડલ અને ત્રણ ટ્રોફી જીતી. ખૂબ ખૂબ અભિનંદન

(૧૦) ડૉ. અનંત આર. શુક્લ, અમદાવાદ, ૧લી માર્ચ, ૨૦૧૯ થી તા.૩૧મી ડિસેમ્બર,૨૦૨૨ દરમિયાન સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ (અગાઉ કેલૉર્ક્સ ટીચર્સ યુનિવર્સિટી)માં "પ્રોફેસર એમેરિટસ અને નિયામક, અંગ્રેજી - ભારતીય ભાષાઓ અને સાહિત્ય વિભાગ" તરીકે કાર્યરત હતા. તેઓને સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું. ખૂબ ખૂબ અભિનંદન

(૧૧) સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ના પૂર્વ ઉપપ્રમુખ શ્રી કનકભાઈ સી. પાઠક, વડોદરાને ગુજરાત ફેશન ઈન્ડસ્ટ્રીમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ ગુજરાત ફેશન આઈકોન એવોર્ડ-૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો. ખૂબ ખૂબ અભિનંદન





(૧૨) શ્રી સ્નેહલ પ્રફુલભાઈ (બકુલભાઈ) ઉપાધ્યાય, અમદાવાદના પરિવાર દ્વારા કાવિઠા મહાલક્ષ્મી માતાજી ખાતે ચાંદીની કમલ અને મુગુટ અને ચાંદીની પાદુકાની 2 જોડી ભેટ આપવામાં આવ્યા



(૧૩) મૂળ શહેરાના વડોદરા નિવાસી અને હાલ અમદાવાદ રહેતા ડૉ. જયેન્દ્રકુમાર લક્ષ્મીશંકર પાઠક સદીમાં પ્રવેશ કરેલ છે. તા.૧૨/૧૨/૨૦૨૨ના રોજ ૯૯ વર્ષ પૂરાં કરી ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરેલ છે



(૧૪) સાણોદ, જિ. ગાંધીનગર પ્રાથમિક શાખાના આચાર્ય શ્રી પ્રશાંતભાઈ દિપકભાઈ દવે, મૂળ ધનસુરા અને હાલ ગાંધીનગર રહેતા, એ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવેલ શિક્ષણ સેવા વર્ગ-


૨ વહીવટી અધિકારી અને શ્રેયાન અધિક્ષકની પરીક્ષામાં (લેખિત અને ઈન્ટરવ્યુ) સમગ્ર ગુજરાતમાં શિક્ષણ સેવા વર્ગ-૨ વહીવટી અધિકારીની જગ્યા માટે ૧૪૧ ઉમેદવારોમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે અને શ્રેયાન અધિક્ષક વહીવટી જગ્યા માટે ૧૨ જગ્યાઓમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે

(૧૫) નીલાબેન નિરંજનભાઈ શુક્લની પૌત્રી મીષ્ટિ તેજસ શુક્લ, સુરત c.b.s.e. સ્કેટિંગ સ્પર્ધામાં નૅશનલ લેવલમા બ્રોન્ઝ મેડલ જીતી.

(૧૬) વનિતાવૃંદ તરફથી ગરબા આયોજન : માતાજીની દૈવી કૃપાથી શ્રીગૌડ પ્રગતિ મંડળ અમદાવાદના મહિલા પાંખ વનિતાવૃંદ વિભાગ દ્વારા સૌ પ્રથમવાર નવરાત્રી મહોત્સવ દરમિયાન તા. ૦૧-૦૯-૨૦૨૨ને શનિવારના રોજ સાંજે ૪ કલાકેથી રાત્રિના ૧૧ કલાક સુધીમાં ભવ્ય ગરબા તતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વશ્રી બંધુ, ભગિની, સહ પરિવાર ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો તથા તેમાં આમંત્રિત મહેમાન એવા સમસ્ત શ્રીગૌડ સમાજના આગેવાનો શ્રી બંસીધર ઉપાધ્યાય, શ્રી યોગેશભાઈ સુક્લ, શ્રી જયંતભાઈ જોશી, શ્રી દક્ષેશ પુરોહિત જેવા મહાનુભાવોએ કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમ બાદ શ્રીગૌડ પ્રગતિ મંડળના પ્રમુખ શ્રી દવે સાહેબ તથા સેક્રેટરી શ્રી જોષી સાહેબ તથા વનિતાવૃંદના મહિલા પ્રમુખ પારૂલ બેન દવે તથા ઉપપ્રમુખ પ્રતિમાબેન ઉપાધ્યાય અને સર્વ કાર્યકર્તાઓના સાથ સહકારતી અમારો આ પ્રોગ્રામ સરસ રીતે પાર પાડવામાં આવ્યો હતો. જય મહાલક્ષ્મી માતા !






**E-mail - shreegaudjagruti2019@gmail.com**
**Website - https://samastshreegaudsamajgujarat.org**
**Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/**
**ઑફિસનું સરનામું : સી-૨૧૨, દેવ ઓરમ, પ્રહ્લાદનગર, આનંદનગર રોડ, અમદાવાદ.**

# શ્રદ્ધાંજલિ



જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે કર્મ સદા એવા કે હૃદયમાં સૌના ગૂંજ્યા કરે ધર્મ કદી ભૂલ્યા નહીં વ્યવહાર કદી ચૂક્યા નહીં, સુખ દુઃખમાં હસતા રહ્યા, સૌના હૃદયમાં વસી ગયા, જતા જતા એટલું કહેતા ગયા કે ચિંતા ના કરો જેનું કોઈ નથી તેના ભગવાન છે.

**ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.**

## સ્વ. જયશ્રીબેન નટવરલાલ પુરોહિત

## (ટીંબા ગામ-અમદાવાદ)

## ભાસ્કર પુરોહિત - મુકેશ પુરોહિત

## આરતી ઉપાધ્યાય

# શ્રદ્ધાંજલિ

## શ્રીગૌડ રત્ન
## ડૉ. શિલીન નંદુભાઈ શુક્લ
M.D. PGDHHM (Hospital Management)

**સ્વ. તા.**



ડૉક્ટર શીલીનભાઈ નંદુભાઈ શુક્લ શ્રી ગૌડ જગતનો અને ભારત વર્ષ તથા ગુજરાતનું એક ગૌરવવંતુ નામ વ્યવસાયે ડૉક્ટર અને ખાસ કરીને કેન્સર સ્પેશિયાલિસ્ટ હતા. શ્રી શીલીનભાઈ શુક્લ સાલસ અને ઉમદા સ્વભાવના સાચા અર્થમાં સજ્જન ઉત્તમ સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા કેળવણીકાર અને ઉત્તમ કેન્સર સ્પેશિયાલિસ્ટ હોવાની છાપ દરેકને હૃદયમાં અંકિત થયેલી છે. સાથે-સાથે સમસ્ત શ્રેગૌડ સમાજ ગુજરાતના અને સમગ્ર બ્રહ્મ સમાજના પણ તેઓ અગ્રણી હતા અને દરેકના હૃદયમાં તેમનો એક ઉત્તમ સ્થાન હતું. આવા એક શ્રીગૌડ રત્ન અને ઉત્તમ માનવ શ્રીમદ્ ભગવદ્ ગીતા જેમને પરમ પ્રિય હતી તેવા વિશ્વ ગુર્જરી વિશ્વકોશ આ બધામાં જેમને ઉત્તમ પ્રદાન કર્યું છે તેવા આપણા સૌ શ્રી બંધુના હૃદયસ્થ શીલીનભાઈના જવાથી માત્ર બ્રહ્મસમાજ નહીં પણ ગુજરાત અને મેડિકલ સાયન્સના વ્યક્તિઓના હૃદયમાં એક ખાલીપો ઉદ્ભવે છે આવા વ્યવહાર કુશળ સાલસ અને ઉત્તમ ડૉક્ટરના જવાથી શ્રીગૌડ સમાજ બ્રહ્મ સમાજ અને ગુજરાત રાંક બની છે પ્રભુ આવા દિવંગતઆત્માને શાશ્વત શાંતિ અર્પે તથા એમના કુટુંબીજનોને આ કારમાં આઘાતની સહન કરવાની શક્તિ આપે એવી શ્રીગૌડ સમાંજ ગુજરાત તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવેછે. ૐ શાંતિ.

૧. છેલ્લાં ૪૦ વર્ષોથી કેન્સરની દવાઓ વડે સારવાર કરતા તબીબ (મેડિકલ ઓન્કોલોજિસ્ટ)
૨. પ્રોફેસર-એમેરિટસ અને પૂર્વ નિયામક, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.
૩. ગુજરાત વિશ્વકોશ (એન્સાયકલોપીડિયા)ના ૨૫ ગ્રંથોના આયુર્વિજ્ઞાનના માનાર્હ લેખક, સંપાદક.
૪. ગૂજરાત વિદ્યાપીઠની ડિક્શનરી-સાર્થ જોડણીકોશના સંપાદક મંડળના સક્રિય માનાર્દ સભ્ય.
૫. કેન્સરના ૧૫૦થી વધુ સંશોધન લેખો અને પ્રોજેક્ટસ
૬. ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ એન્ડ પીડિયાટ્રિક ઓન્કોલોજી તથા અન્ય ત્રણ જર્નલ્સના માનાર્દ સંપાદક
૭. ગુજરાતીમાં ૫ આવૃત્તિ ધરાવતા કેન્સર નામના પુસ્તકના લેખક-સંપાદક
૮. ઈન્ડિયન એસોસિએશનના ઓફ મેડિકલ એન્ડ પીડિયાટ્રિક ઓન્કોલોજી તથા અન્ય ૪ મેડિકલ એસોસિએશન્સ પૂર્વ પ્રમુખ.
૯. જુદી જુદી સંસ્થાઓમાં વિવિધ સમયે, તબીબી સંશોધન અને નૈતિક નિયંત્રણ માટેની સમિતિઓના પૂર્વ ચેરમેન, સભ્ય મંત્રી કે સભ્ય.
૧૦. કેન્સર અંગે જાણકારી આપતી ૫૦ ગુજરાતી પુસ્તિકાઓ, બાળવિશ્વકોશના ૮ ગ્રંથો તથા આરોગ્ય અને શારીરિક તાલીમના ૧૦ પાઠ્યપુસ્તકોના પરામર્શક, ગુજરાત રાજ્ય.
૧૧. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના પૂર્વ સેનેટ સભ્ય
૧૨. ૨૫ સન્માનો, ૭ ઓરેશન્સ, ૧૫ કીનોટ એડ્રેસ તથા ૩ આજીવન સેવા સન્માનો.

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત આ દિવ્યાત્માને શ્રધ્ધાંજલી પાઠવે છે.**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. કિરણભાઈ વિનોદરાય દવે

**સ્વ. તા. ૦૩-૧૨-૨૦૨૨**

**પૂર્વ ખજાનચી અને પૂર્વ ઉપપ્રમુખ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

દરેક જ્ઞાતિબંધુ સમાજની ઈમારતની પાયાની ઈંટ છે અને માનવી તેના સમાજ થકી જ રળીયામણો છે એવો ઉચ્ચ આદર્શ ધરાવનાર, સમાજ પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રેમ રાખતા શ્રી કિરણભાઈ દવે સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે.

સમાજના પ્રારંભથી જોડાયેલા રહી સમાજમાં કોષાધ્યક્ષ, મહામંત્રી તેમજ ઉપપ્રમુખ તરીકે પોતાની કિંમતી સેવાઓ આપી.અનેક વ્યસ્તતાઓ વચ્ચે પણ શ્રીગૌડ સમાજના કાર્યને પ્રાથમિકતા આપી સમાજને આગળ ધપાવવા સતત કાર્યરત અને કાર્યશીલ રહ્યા છે. અઢાર ગ્રામ શ્રીગૌડ સમાજમાં મહામંત્રી,શ્રીગૌડ સાડત્રીસ સમાજમાં ઉપપ્રમુખ,સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતમાં ઉપપ્રમુખ તરીકે સમાજની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, પ્રવૃત્તિઓ દ્વારા સમાજનો ઉત્કર્ષ સાધવા છેલ્લા શ્વાસ સુધી કાર્યરત રહ્યા.સમાજના સંગઠનને દ્રઢ કરવા માટે સતત રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા રહેતા.તેઓ સમાજ માટે સદા પ્રેરણાદાયી રહેશે.

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત આ દિવ્યાત્માને શ્રધ્ધાંજલી પાઠવે છે.**

# શ્રદ્ધાંજલિ

## સ્વ. શ્રી કિરણભાઈ પ્રવિણચંદ્ર મહેતા (સ્વ. તા. ૦૨-૧૧-૨૦૨૨)

### મૂળ વતન પેથાપુર, જિ. ગાંધીનગર, પક્ષ મેડતવાળ



સ્વ. શ્રી કિરણભાઈ વ્યવસાયે ટેક્ષટાઈલ એન્જિનિયર, શરૂઆતમાં મુંબઈ ત્યારબાદ પોતાના વતન પેથાપુરમાં રહી કર્મભૂમિ બનાવી. તેઓ સમસ્ત શ્રીગૌડ સમાજ સાથે વર્ષોથી સંકળાયેલા હતા. સ્વ. શ્રી હરિપ્રસાદભાઈ જોષીના પ્રમુખપદ હેઠળ તેઓએ સ્ક્રીય સેવાઓ આપી હતી. સમાજની કારોબારીના સભ્ય તરીકે, ઈન્ટરનલ ઓડીટર તરીકે તથા સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતીના તંત્રીમંડળમાં સહતંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપી. ત્યારબાદ તેઓએ સમાજના ટ્રસ્ટી તરીકે પણ છેલ્લે સુધી સક્રીય સેવાઓ આપી હતી. સમાજની દરેક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેઓનું આર્થિક અને સાથે સમયનું યોગદાન અચૂક હોય જ. સમાજના વિકાસલક્ષી કાર્યોમાં તેઓના સલાહ-સૂચન અને માર્ગદર્શન ખૂબ લાભદાયી રહેતા. સ્વ. શ્રી કિરણભાઈ સમસ્ત શ્રીગૌડ સમાજ ઉપરાંત પોતાના પક્ષ મેડતવાળમાં પણ એક સંનીષ્ઠ કાર્યકર અને કમીટીના સભ્ય તરીકે, શ્રી સોળગામ શ્રીગૌડ મેડતવાળ ઉન્નતી મંડળમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપી વિકાસ કાર્યોમાં અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. મેડતવાળ પક્ષના વડીલોની વંદના (૬૫ વર્ષ ઉપરના) કાર્યક્રમથી શાલ તથા મોમેન્ટોથી સન્માન તેમણે અંગત રીતે મહેતા પરિવાર તરફથી કર્યું હતું. આ ઉપરાંત તેઓ પોતાના વતત પેથાપુરમાં અનેક સેવા સંસ્થાઓમાં સેવા આપી રહ્યા હતા. છેલ્લે પેથાપુરની રથયાત્રા સમીતીના પ્રમુખ તરીકે નિમાયા હતા.

આવા એક સંનિષ્ટ, સેવાભાવી અને ઉત્સાહી વિરલ વ્યક્તિત્વને રથયાત્રા માટે ભગવાન જગન્નાથજીની મૂર્તીને લેવા જતાં પ્રભુએ તેમના ચરણોમાં સમાવી લીધા. તેઓ આખસ્મિક વિદાયથી સમસ્ત શ્રીગૌડ સમાજ ઉપરાંત અન્ય સંસ્થાઓને પણ ન પુરાય તેવી ખોટ પડી છે.

સમસ્ત શ્રીગૌડ સમાજ વતી આવા દિવ્ય વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. ૐ શાંતિ.

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત આ દિવ્યાત્માને શ્રધ્ધાંજલી પાઠવે છે.**

## "સંઘરણ"

- રાજેશ પંડ્યા "રાજ", અમદાવાદ.

ઘણાં જુનવાણી વ્યક્તિઓ "ના પોતે સુખ ભોગવે ના કોઈને ભોગવવા દે", એવાં જોવાં મળે.

"બા, આજે ફોઈના ઘરના ચાર અને આપણે પાંચ એમ નવા સભ્યો જમવાના છે, થાળીઓ અને વાટકીઓ કઈ કાઢું?" રમીલા બોલી.

"નવા ચાર માટે પેલી જાડી થાળીઓ અને વાટકીઓ, આપમે તો રોજ ઘરમાં વાપરીએ છીએ એ ચાલે ને" કંકુ ડોશી બોલ્યાં.

કંકુ ડોશીએ જીવન જીવવા હજી સો વરસ પહેલાંની નિતિ રિતિ જ ધારણ કરેલી હતી. ઘરમાં બીજા ત્રણ ઘર ભરાય એટલા તાંબા, પિત્તળ, સ્ટિલના વાસણો હતાં પણ ઘરમાં રોજ સવાર-સાંજ વપરાતી થાળીઓ છેલ્લાં દસ વરસથી ગોબા વાળીઓ જ અને વાટકીઓના કાનામાં લોખંડ દેખાય એવી વાટકીઓ, ડબ્બાઓના ઢાંકણા ખોલો તો ઢાંકણું ઉછળે એવી કિનારો ફાટી ગયેલા ડબ્બાઓષ ચા મુકવા ટેબલ અગણિત વરસ જુનું લાગે એટલી હદે જુની વસ્તુઓનો ઉપયોગ કંકુ ડોશી કરતાં હતાં. જો વહુ, દીકરો, પૌત્રો નવી વસ્તુઓ વાપરવાની માંગણી કરે તો રીતસર "તમે કમાઈ લાવો પછી વાપરો" એમ જવાબ આપે.

છાજલીઓ ઉપર પંદરેક પિત્તળની થાળીઓનો ઠઠારો કરેલો. દીકરા વહુ રમીલા સાથે દર મહિને ઘસાવડાવે અને પાછી ગોઠવી દેવા કડક સૂચનાઓ આપે. નવી રજાઈઓ, ગાદલાં એટલે જમાઈઓ અને મહેમાન માટે જ, ઘરના સભ્યોની અડાય પણ નહિ.

ગામડું હતું, રમીલાનું પિયર નબળું એટલે એ ટકી રહી બાકી શહેરની ક્યારનીય જતી રહી હોય એવું સંઘરણ અને જીવનશૈલી કંકુબાની હતી.

કેરીનો રસ કાઢે તો ગોટલા ધોવડાવે, શાક ત્રણસો ગ્રામથી વધારે એક ટંકે ના થવું જોઈએ, પોતે દરજી સાંધવાની ના પાડે ત્યાં સુધી બ્લાઉઝ પહેર્યા કરે, ઘરનાને આવું પાલન કરાવડાવે.

અમને આમ વરસો પસાર થયાં, પુત્ર રમેશે ખેતી કરી જીવન પસાર કર્યું પણ રમેશનો પુત્ર શૈલેષ એન્જિનિયર બન્યો. તેનાં એન્જિનિયર પત્ની બીરવા સાથે લગ્ન થયાં, અમદાવાદ નવો ફ્લેટ લઈ શૈલેષ રહે.

કંકુબા પથારીવશ થતાં એ લોકો બે દિવસ ગામડે આવ્યાં. કંકુબાની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. રમીલાએ એમને કાનમાં કહ્યું કે તમારા હાથે થોડું દાન કરો, તો એમણે માંડ માંડ સો રૂપિયા બીરવાને આપ્યાં. બીરવા બધું સમજી ગઈ કંકુબાનું અવસાન થયું. પંદર દિવસ થયાં, બીરવા એક શનિ-રવિએ

આવી. રમીલાબેન, રમેશભાઈ, દિયર ધનશ્યામને અમદાવાદ લઈ જવા નક્કી કરાયું.

ગામડાવાળું ઘર બંધ કરવા જરૂરી વસ્તુઓ રાખી બિનજરૂરી વસ્તુઓ કાઢી નાંખવી જરૂરિયાત હતી. ભંગારવાળાએ વાસણોના પૂરાં પંદર હજાર પણ ના કીધાં. રજાઈઓ, ચાલીસ ગોદડાંઓનું શું કરવું, તમામ ગોદડાંઓ કિનારેથી કાળા પડી ગયેલાં હતાં.

બીરવાએ એક વૃદ્ધાશ્રમમાં ફોન કરી જરૂરી સામાન રાખી બધો સામાન, ગોદડાંઓ અને અન્ય બધું વૃદ્ધાશ્રમને આપી દીધું. રમીલાબેન એક શબ્દ પણ બોલ્યાં નહિં. મનમાં થયું પણ ખરું કે કંકુબાએ આ પિત્તળની થાળીઓ આખી જિંદગી ખાવા અમને ના આપી સામે દર મહિને ધસાવડાવી ખરી અને એ આજે આ રીતે જસે એવું ધાર્યું પણ નહોતું.

કંકુબાના જીવનું શું થયું એ રામ જાણે પણ ઘરનાં સભ્યોને નાની વાતોમાં દુઃખી થવાનું અને રોજ જીવ કપાય એવી જીવનશૈલી બીરવાએ બંધ કરાવી દીધી.

શૈલેષના ફ્લેટમાં એક્રેલિકની થાળીઓ, વાટકીઓમાં જમતાં જમતાં રમીલાબેનને મનમાં ગોબા વાળી થાળીઓ યાદ આવી જાય છે પણ સહિષ્ણુ જીવ કોઈ જુની વાતો યાદ કરી બીજાને દુઃખી કરતાં નથી. પ્રભુ ભજનમાં જીવન વીતાવે છે. સમજું બીરવા રમીલાબેનને મા કપ બેનપણી ગણી હાથમાંને હાથમાં રાખે છે. કાશ... કંકુબાએ સરળ રમીલાબેનને દીકરી ગણી હોત તો?

●●●

## ગર્ભસંસ્કાર

**આધુનીક ચિકિત્સા શાસ્ત્ર પ્રમાણે જાણીએ કે ગર્ભમાં બાળકનો વિકાસ કઈ રીતે થાય છે.**

ગર્ભધારણ થી પ્રથમ આઠ અઠવાડિયા સુધી ગર્ભસ્થ બાળકને embryo તરીકે ઓળખાય છે. આઠ અઠવાડીયા પછી અને બાળકના જન્મ સુધી તેને Fetus તરીકે ઓળખાય છે.

તૌ સૌ પ્રથમ એ જાણીએ કે ગર્ભાવસ્થાની શરૂઆત ક્યારે થાય છે?

ખરેખર તો ગર્ભાવસ્થાની શરૂઆત કોઈપણ સ્ત્રીના છેલ્લા માસીકના પ્રથમ દિવસથી થાય છે, જેને ગેસ્ટેશનલ Age અથવા મેન્સટુઅલ Age તરીકે ઓળખવામાં આવે છે. જે ખરેખર તો Conception ના બે અઠવાડીયા પહેલા છે.

Conception થયા બાદ શું થાય છે.

જ્યારે Sperm અને Ovum ભેગા થાય છે ત્યાર થી ૨૪ કલાકમાં જે ઇંડું બન્યું હોય છે તે ધીમે ધીમે બે Cell માંથી ધણા બધા Cell માં વિભાજીત થાય છે. આ ઇંડુ fallopian tube માં લગભગ ૩ દિવસ સુધી રહે છે અને અહીં fallopian tube માંથી વિભાજન ચાલુ થાય છે અને ઇંડું ગર્ભાશય તરફ

આગળ વધે છે. હવે મુખ્ય વસ્તુ છે કે આ ઈંડાને ગર્ભાશયની દીવાલ સાથે જોડાણ થવું, જેને Implantation કહેવામાં આવે છે.

ઘણી વખત આ ઈંડાનું જેને બ્લાષ્ટોસાઈટ તરીકે ઓળખાય છે, તે Implantation પહેલા તેના પ્રોટેક્ટીવ કવરીંગમાંથી તૂટે છે. જ્યારે બ્લાષ્ટોસાઈટ એન્ડોમેટ્રીયમ સાથે જોડાય છે ત્યારે બ્લાષ્ટોસાઈટ અને એન્ડોમેટ્રીયમ એક બીજા સાથે હોર્મોન્સની અદલા દલી કરે છે જેના કારણે બ્લાષ્ટોસાઈટને એન્ડોમેટ્રીયમ સાથે જોડાવામાં મદદ મળે છે. આ પ્રોસેસના કારણે ઘણી વખત કોઈ સ્ત્રીને થોડું બ્લીડિંગ પણ થાય છે જે સામાન્ય વસ્તુ છે. હવે જ્યારે બ્લાષ્ટોસાઈટ એન્ડોમેટ્રીયમ સાતે જોડાઈ જાય છે ત્યારબાદ એન્ડોમેટ્રીયમ થોડું જાડુ થાય છે અને સરવિક્સ મ્યુકસ દ્વારા સીલ થઈ જાય છે.

ત્રણ અઠવાડીયામાં બ્લાષ્ટોસાઈટના કોષો embryo બનાવે છે. આ સમય સુધીમાં embryo ના પ્રથમ જ્ઞાનતંતુનું નિર્માણ થાય છે.

હવે આધુનીક ચિકિત્સા શાસ્ત્ર પ્રમાણે માસાનુમાસીક ગર્ભવૃદ્ધિ જોઈએ.

First Trimester નો સમય શુક્ર અને શોણિત ભેગા થાય ત્યારથી લઈને ૧૨ અઠવાડીયાનો કહેવાય છે, આ સમય દરમ્યાન તમારું બાળક ૨ સેલમાંથી ફેટસ જે બાળકના લક્ષણો વાળુ હોય છે તે બને છે.

**પ્રથમ માસ સામાન્ય રીતે ગર્ભાવસ્થાના પ્રથમ અઠવાડીયાથી ૪થા અઠવાડીયા સુધીનો સમય ગણવામાં આવે છે.**

આ માસમાં તમારું બાળક૧/૪ ઈંચ લાંબુ, ચોખાના દામા કરતાં પણ નાનું હોય છે. આ મહીનામાં એમનીઓટીક સેક તથા પ્લેઝનટા બને છે.

**બીજો માસ સામાન્ય રીતે ગર્ભાવસ્થાના ૫માં અઠવાડીયાથી ૮માં અઠવાડીયા સુધીનો સમય.**

આ મહીને તમારા બાળકની લંબાઈ આશરે ૧ ઈંચ જેટલી થાય છે, અને તેનું વજન ૧/૩૦ ઔંસ અર્થાત્ લગભગ ૧ ગ્રામ જેટલું હોય છે.

આ મહીનામાં તમારા બાળકના ફેસીયલ ફીચર્સ બનવાના શરૂ થાય છે. બ્રેન, સ્પાઈનલ કોડ તથા સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ અર્થાત્ જ્ઞાન તંતુઓ બને છે. પાચનતંત્ર અને સેંસરી ઓર્ગન બનવાની શરૂઆત થાય ચે, તતા કારટીલેજની જગ્યાએ હાડકાં બનવાના શરૂ થાય છે.

આ સમયે તમારા બાળકનું માથું તેના બીજા ભાગો કરતાં મોટું હોય છે અને લગભગ ૬ અઠવાડીયે તમારા બાળકના હૃદયના ધબકારા શરૂ થાય છે. ૮ અઠવાડીયા પછી તમારું ગર્ભમાં રહેલું બાળકની embryo જગ્યાએ fetus તરીકે ઓળખાય છે.

**ત્રીજા મહીનો ૯માં અઠવાડીથી ૧૨માં અઠવાડીયાનો સમયગાળાને કહેવામાં આવે છે.**

આ મહીને તમારા બાળકની લંબાઈ ૪ ઈંચ તતા વજન ૧ ઔંસ જેટલું અર્થાત્ લગભગ ૩૦ ગ્રામ હોય છે, આ મહીના પછી ગર્ભસ્રાવની શક્યતાઓ ખૂબ જ ઘટી જાય છે.

આ મહીને તમારા બાળકના હાથ અને પગ તથા હાથ પગની આંગળીઓ બની જાય છે. આ તબક્કે તમારું ગર્ભસ્થ બાળક હાથની મુઠ્ઠી ખોલબંધ કરે છે તથા હાથ પગનાં નખ તથા કાન બનવાની શરૂઆત થાય છે. તથા તમારા બાળકના જનનાંગોનો વિકાસ પણ થાય છે.

ત્રીજો મહીનો પુરો થાય ત્યાર સુધીમાં તમારું બાળક પૂર્ણરૂપે તૈયાર થાય છે તેના હાથ પગ તથા અવયવોનો વિકાસ શરૂ થાય છે. તમારા બાળકની સરક્યુલેટરી અને યુરીનરી સિસ્ટમ કામ કરવાનું શરૂ કરે છે તથા બાળકનું લીવર પણ બાઈલ બનાવવાનું શરૂ કરે છે.

Second Trimester એ તમારા ગર્ભસ્થ બાળકનો અનુભવ કરવાનો સૌથી ઉત્તમ સમય છે. આ સમય દરમ્યાન મોરનિંગ સીકનેસ અર્થાત્ જેમને ઊલટી અને જમવાનું નથી ભાવતું તેવી સમસ્યાઓ મહદ્ અંશે ઓછી થઈ જાય છે અને ગર્ભાવસ્થાના શરૂઆતના લક્ષણો ઓછા થઈ જાય છે. આ સમય દરમ્યાન તમારા બાળકના ફેસિયલ ફીચર્સ બનવાના શરૂ રહે છે અને આ સમય દરમ્યાન તમે તમારા બાળકની મુવમેન્ટ અનુભવી શકો છો.

**૪થો મહિનો ૧૩માં અઠવાડીયાથી ૧૬માં અઠવાડીયા સુધીનો સમય છે.**

આ મહિને તમારા બાળકની લંબાઈ ૬ ઉંચ તથા વજન ૪ ઔંસ અર્થાત્ લગભગ ૧૧૦ ગ્રામ જેટલું હોય છે. આ મહિને ડોપ્લર દ્વારા તમારા બાળકના હૃદયના ધબકારા સાંભળી શકાય છે, હાથ અને પગની આંગળીઓ સ્પષ્ટ રીતે અલગ તરી આવે છે. આંખની પાંપણ, આઈબ્રો અને પાંપણના વાળ, નખ અને વાળ બને છે. દાંત અને હાડકાની ડેન્સીટી વધે છે.

તમારું બાળક આ મહીના પછી, અંગુઠો ચુંસી શકે છે, બગાસા ખાઈ શકે છે. આ મહીને તમારા બાળકનું ચેતાતંત્ર કામ કરવાનું શરૂ કરી દે છે.

**૫ મો મિહનો ૧૭ અઠવાડીયાથી ૨૦માં અઠવાડીયા સુધીનો સમય છે.**

આ મહીના અંત સુધીમાં તમારા બાળકની લંબાઈ ૧૦ ઈંચ થાય છે તેથા તેનું વજન ૧/૨ થી ૧ પાઉન્ડ અર્થાત્ ૪૫૩ ગ્રામ જેટલું હોય છે. આ મહીને તમે તમારા બાળકની મુવમેન્ટને અનુભવી શકો છો અને તે તેના હાથ પગ હલાવવાનું શરૂ કરે છે અને બાળકની આ પ્રથમ મુવમેન્ટને Quickening તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમ્યાન તમારા બાળકના ખભા, પીઠ તથા કપાળ ઉફર એકદમ ઝીણા વાળ ઊગે છે જેને લેનીયોગ તરીકે ઓળખાય છે, જે જન્મ બાદ એક અઠવાડીયામાં ખરી જાય છે.

તમારા બાળકની ચામડી Varnix Caseosa દ્વારા કવર થયેલી હોય છે જે વેક્સ જેવો પદાર્થ છે, જેનું કામ બાળકની ચામડીને રક્ષણ પૂરું પાડવાનું છે, જે જન્મ બાદ તરત નીકળી જાય છે.

**૬ઠ્ઠો મહીનો ૨૧ થી ૨૪ અઠવાજીયા સુધીનો સમય**

૬ઠ્ઠા મહિને તમારા બાળકની લંબાઈ ૧૨ ઇંચ તથા તેનું વજન ૨ પાઉન્ડ અર્થાત્ લગબઘ ૯૦૨૭ ગ્રામ સુધીનું હોય છે. જો તમારું બાળક ૨૩માં અઠવાડીયા પછી અધૂરા માસે જન્મે તો પણ ઈન્સેન્ટીવ કેર દ્વારા તેને બચાવાની શક્યતા છે, જે ખૂબ જ ઓછી છે પરતું શક્ય ચે કે તમારું બાળક બચી જાય. આ મહીને તમારા બાળકની ચામડી લાલાશ પડતી હોય છે અને તેની નસો દેખી શકાય છે, તથા તેની પાંપણ ખુલવાની શરૂ થાય છે.

**૭મો મહીનો ૨૫ થી ૨૮ અઠવાડીયા સુધીનો સમય**

૭મો મહિનો પુરો થાય છે ત્યારે તમારા બાળકની લંબાઈ ૧૪ ઇંચ તથા તેનું વજન ૨ થી ૪ પાઉન્ડ અર્થાત્ ૯૦૦ ગ્રામથી ૧ કિલો ૮૦૦ ગ્રામ જેટલું હોય છે. આ મહિને બાળકની સાંભળવાની ક્ષમતા સંપૂર્ણ પણે વિકસી જાય છે, બાળક પોતાનું સ્થાન વારંવાર બદલે છે અને એક્સ્ટર્નલ સ્ટીમયુલીને રીસપોન્ડ કરે છે.

Third Trimester એ તમારી ગર્ભાવસ્તાનું અંતિમ અને ખૂબ જ મહત્ત્વનું ચરણ છે, કારણ કે હવે તમે દિવસો ગણવા માંડશો. તમારા બાળકને આવવાના પરતું જેમ જેમ એક-એક મહિનો જાય છે તે તમારા બાળકને જન્મ માટે તૈયાર કરે છે કારણ કે હવે દર મહિને તમારા બાળકના વજનમાં ખાસ્સો વધારો જોવા મળશે. પ્રથમ સાત માસમાં બાળકનું વજન ૨ કિલો થયું જ્યારે છેલ્લા ત્રણ માસમાં તેનું વજન ઓલમોસ્ટ ડોઢ ઘણું એટલે કે ૩ થી ૩.૨૦૦ જેટલું થાય ચે. આ સમયમાં તમારા બાળકના સ્નાયુનો વિકાસ થાય છે.

**૮મો મહિનો ૨૯ થી ૩૨ અઠવાડિયા**

આ મહિને તમારું બાળક ૧૯ ઇંચ લાંબુ અને ૫ પાઉન્ડ વજન અર્થાત્ ૨ કિલો ૨૦૦ ગ્રામ જેટલું વજન થાય છે. આ મહિને પણ તમારા બાળકનો વિકાસ શરૂ રહે છે અને તમને લાગસે કે આ મહિને બાળક લાતો વધુ મારે છે. આ સમય દરમ્યાન બાળકના મગજનો વિકાસ કૂબ ઝડપતી થાય છે અને તમારું બાળક જોઈ અને સાંભલી શકે છે. લગભગ બદી સિસ્ટમ કાર્યરત થઈ જાય છે ફક્ત ફેફસાંને છોડીને.

**૯મો મિહનો ૩૩ થી ૩૬ અઠવાડીયા**

આ મહિને તમારું બાળક ૧૮ ઇંચ લાંબુ અને ૫.૫ થી ૬.૫ પાઉન્ડ વજન અર્થાત્ ૨ કિલો ૨૦૦ ગ્રામથી ૨ કિલો ૯૦૦ ગ્રામ જેટલું વજન થાય છે. આ મહિને પણ બાળકનો શારીરિક વિકાસ ચાલુ રહે છે. તેના ફેફસાં પરીપકવતાની ખૂબ નજીક પહોંચે છે, ફેફસાં બાળક જ્યારે ડીલીવરી પછી પહેલી વખત રડે છે ત્યારે સંપૂર્ણ પરીપક્વ થાય છે.

**૧૦મો મહિનો ૩૭ થી ૪૦ અઠવાડીયા**

આ મહિને તમારું બાળક ૧૮ થી ૨૦ ઇંચ લાંબુ તથા તેનું વજન ૭ પાઉન્ડ અર્થાત્ ૩ કિલો ૨૦૦ ગ્રામની આજુબાજુ હોય છે. હવે તમારું બાળક ગમે ત્યારે તમને મળવા માટે આવી શકે છે. આ મહિને બાળક ધીમે ધીમે નીચે બર્થ કેનાલ તરફ ખસે છે માટે તમને તમારા બાળકની મુવમેન્ટ ઓછી થયેલી લાગશે.


હવે આવતા અઠવાડિયે આયુર્વેદ પ્રમાણે માસાનુંમાસીક ગર્ભ વૃદ્ધિ તથા આર્યુવેદ અને આધુનીક ચિકિત્સા શાસ્ત્ર પ્રમાણે માસાનુમાસીક ગર્ભ વૃદ્ધિનું કંપેરીઝન જોઈશું.

વધુ માહિતી તથા વેબ પરામર્શ અર્થાત્ ઑનલાઈન કન્સલટેશન માટે સંપર્ક કરો.

**- ડૉ. નિર્જર ટી. શુક્લ,**

બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ., પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર, પીજી સર્ટી ઈન પંચકર્મ

---





**શ્રી બંસીધરભાઈને અભિનંદન (શાર્દુલ વિક્રીડિત)**

સત્તાવીસ નવેમ્બારે ઉજવિયું ભાવામૃતં પર્વનો
પંચોતેર પૂરાં કરી વરસનો છોતેર આરંભતા
શ્રી બંસીધરભાઈનો હૃદયથી અર્પુ અભિનંદના
દીપાવ્યાં બહુસંખ્યસ્થાન જીવને સિદ્ધિ અનેરી મળી.
પ્રિન્સીપાલ થયા પછી કુલપતિ યોગ યુનિવર્સિટી
ને ગ્રંથોય રચ્યા તમે ગરવી આ ગિર્વાણ નીશ મહીં
વૈવિધ્ય પદ પ્રાપ્ત થયાં જીવનમાં શિક્ષા તણા ક્ષેત્રમાં
પીએચ.ડી. તણું માર્ગદર્શન કર્યું, કૉલેજ અધ્યાપન.
સામાજિક સમાજના પ્રમુખનો ટ્રસ્ટી ઘણાં ટ્રસ્ટના
સન્માનિત થયા તમે બહુ વિધિ, રાજપાલના હસ્તથી
શંકરાચાર્ય ગુરુ તણા કર થકી સન્માન પામ્યા તમે
ને પામ્યા વળી મેડલો કનકના કૈં કેટલાં ક્ષેત્રમાં
પ્રશંસા કરવી કશે શબ્દના શોધ્યા જડે કોષમાં
શતાબ્દિ ઉજવો તમે જીવનની અભ્યર્થના ઈશને.


-વિજયકુમાર અંબલાલ પુરોહિત,
ટેલે. નં. ૮૭૮૦૬૬૯૩૯ (ઉ.વ. ૯૪ વર્ષ)

# દિવંગત થયેલ ‘શ્રી’ બંધુઓની યાદી

૧. સ્વ. સુશીલાબેન મહેન્દ્રભાઈ દવે, અમદાવાદ
૨. સ્વ. ડો. રાહુલ રવિન્દ્રભાઈ, વડોદરા
૩. સ્વ. ડો.અરુણકુમાર લજ્જાશંકર પાઠક, વડોદરા
૪. સ્વ. શિલ્પાબેન દેવેન્દ્રપ્રસાદ પંડ્યા, ચલામલી
૫. સ્વ. પૂર્ણાનંદ ભીખાલાલ ઉપાધ્યાય, અમદાવાદ
૬. સ્વ. ગૌતમકુમાર ભગવતપ્રસાદ પુરોહિત, યુ.એસ.એ.
૭. સ્વ. ચંદનબેન રમણીકલાલ પંડ્યા (ઉ.વ. ૯૨), ભાવનગર
૮. સ્વ. ભરતભાઈ જયંતીલાલ જોશી, માખાવડ (સૌરાષ્ટ્ર)
૯. સ્વ.ડૉ. શિલીન નંદુભાઈ શુક્લ, અમદાવાદ
૧૦. સ્વ. જયેન્દ્રભાઈ રવિશંકર જોશી, રાજકોટ
૧૧. સ્વ. કોકીલાબેન મુકેશભાઈ જોશી, રાજકોટ
૧૨. સ્વ. નૌતમલાલ મગનલાલ પંડ્યા, રાજકોટ
૧૩. સ્વ. પદ્માબેન રમેશચંદ્ર જોશી, અમદાવાદ
૧૪. સ્વ. કિરણભાઈ વી દવે, અમદાવાદ
૧૫. સ્વ. ઈલાબેન સુરેશચંદ્ર પંડ્યા, ધનસુરા
૧૬. સ્વ. હરેશભાઈ પ્રતાપરાય જોશી, ગોંડલ
૧૭. સ્વ. નરેન્દ્રકુમાર નર્મદાશંકર શુક્લ, ગાંધીનગર
૧૮. સ્વ. કૃષ્ણકાંત મગનલાલ દવે, વડોદરા
૧૯. સ્વ. પ્રવીણભાઈ કાંતિલાલ જોશી, પાંચ પીપળા
૨૦. સ્વ. હરીવદનભાઈ જેઠાલાલ પાઠક, અમદાવાદ
૨૧. સ્વ. કિરણકુમાર પ્રવિણચંદ્ર મહેતા, પેથાપુર
૨૨. સ્વ. જશુમતીબેન પ્રદ્યુમ્નભાઈ મહેતા, મુંબઈ
૨૩. સ્વ. સચિતબાળા ઉર્ફે બચીબેન પ્રદ્યુમ્નરાય ભટ્ટ (ઉ.વ. ૯૨) અમદાવાદ
૨૪. સ્વ. રમીલાબેન રમેશચંદ્ર શુક્લ, અમદાવાદ
૨૫. સ્વ. સુધીરભાઈ શરદચંદ્ર પંડ્યા, વડોદરા
૨૬. સ્વ. કાશ્મીરાબેન મુકુંદભાઈ પંડ્યા, વડોદરા
૨૭. સ્વ. અશ્વિનભાઈ એચ. શુક્લ, યુએસએ
૨૮. સ્વ. ઈન્દ્રવદનભાઈ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય, રેણા
૨૯. સ્વ. કુમુદબેન જટાશંકર ભટ્ટ, અમદાવાદ.
૩૦. સ્વ. ત્રિગુણાબેન નંદલાલ જોષી, રાજકોટ
૩૧. સ્વ. યોગીનીબેન એન. શુક્લ, ગોધરા
૩૨. સ્વ. યોગેશકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, વડોદરા
૩૩. સ્વ. પ્રદિપભાઈ મધુસુદન દવે, હળવદ, રાજકોટ
૩૪. સ્વ. મંજુલાબેન વિનોદરાય પાઠક, કોઈમ્બ્તુર
૩૫. સ્વ. ઉમેશભાઈ હસ્તરાય ભટ્ટ, રાજકોટ



**દિવંગત થયેલ દિવ્યાત્માઓને**
**પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**



**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

## ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઇન એક્યુપંક્ચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

**હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર**
**સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧**


---

**૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,**
**જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.**
**બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭**

**Mobile : +91 99799 56633 94296 18855**

**E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com**
**Website : www.shadashivayurvedic.in**

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અદ્યતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

**Spectrum Aatithya**

An ISO 9001 : 2015 Certified Company



- Corporate Servive Apartment




- Company Guest House Management





- Hotel Apartments/Resorts
- House Keeping Services



## OUR CLIENTS

Bite By Bite
- Riverfrunt Restourant




Email : info@spectrumaatithya.com
Website : www.spectrumaatithya.com

**Mr. NILESH SHUKLA**
Email : nilesh.shukla@spectrumaatithya.com
# 99748 44949

- Ahmedabad • Mumbai • Gurgaon • Indore • Pune • Bengaluru • Ranchi • Kolkatta

Spectrum Aatithya, Sopan Life Style, Near Seema Hall, Opp. M.G. Partyplot, Jodhpir, Ahmedabad-380015.